## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*મત માટે મોટા સમાજ ને એ રિઝવે છે,*
*મદયમ - ગરીબ - મજૂર ને ખીજવે છે!!*
*ગજવે છે અન્યાય એ લોકો બહાદુરીથી -*
*મૂલ્યો - ન્યાય - એકતાની આંખ એ ભીંજવે છે*
*('મત' ના બદલામાં લોભામણી જાહેરાતો)*

**હાઈકુ**

*- ને ઉડ્યો છેદ,*
*બંધારણ કલમ -*
*'સૌ છે સલામ'*

*નથી આચાર,*
*ને સંહિતા લાચાર -*
*છે પાપાચાર -*

### ચિંતન

*બહુત ગઈ થોડી રહી, બ્યાકુલ મન મત હોય,*
*ધીરજ સબકો મિત્ર હૈ, કરિ કમાઈ મત ખોય*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આપણે માનવીઓ નાની નાની તકલીફમાં પણ અકળાઈ જઈએ છીએ. ધીરજ રાખી વિચારતા પણ નથી કે કુશ હોય કે દુઃખ, તકલીફ હોય કે કોઈ પણ પ્રકારની પીડા જેમ આવી છે તેમ જવાની જ છે. આ જગતમાં કશું જ શાશ્વત નથી. પણ, બધું થાય છે તો તેના સમયે જ. ગમે તેટલા ઉતાવળા થાવ તો પણ આપણી મરજી મુજબ કશું થઈ શકવાનું નથી.

તો આવા સમયે કરવું શું ? કબીર કહે છે કે તમારા મનને સમજાવો કે 'હે મન!' તું થોડી ધીરજ ધર! ધીરજથી જ બધું કામ સુધરશે. ઘણી તકલીફો અને પીડાઓ પૂરી થઈ છે અને હવે જે બાકી છે તે પણ પતી જશે. એમ માની આકુળતા - વ્યાકુળતા છોડ! અધીરા થવાથી કંઈ નહીં વળે કરેલી કમાઈ ગુમવવાનો વારો આવશે માટે એ સ્વીકારી લે કે તારો સૌથી સારો અને સાચો મિત્ર ધૈર્ય જ છે.

### સુવિચાર

- હાજર ન સોદા હશે, એ બધા કામ લાગશે, પણ બધા ઈતિહાસ - **એસ. ભટ્ટાચાર્ય**
- આત્માનું લક્ષ બેસવું એ ચાર વેદથી પર છે - **આપ્તસૂત્ર**
- જગત સંપૂર્ણ નિર્દોષ દેખાયું, તે સ્વસ્થ થઈ જશે - **બોધિવૃક્ષ**
- ચહેરો જોઈને ફેંસલો ન કરો - **બાઈબલ**
- સૌથી વધુ મુશ્કેલીનો સમય વિજય સાથે આવે છે - **નેપોલિયન**
- તોછડાપણું એ આપણી નબળાઈ ને છાવરી ને આપણી જાતને મજબૂત દેખાડવાનો એક બાલિશ પ્રયત્ન જ છે - **રત્નસુંદર વિજયજી**
- આજનું ઔષધ : લીંબુની ફાડમાં સંચળ, સુંઠ અને ચપટી હીંગ ભરી તેને અંગારા પર ગરમ કરી ચુસવાથી અજીર્ણ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જે વર્તમાનનો સદુપયોગ કરી ભવિષ્યની સુખદ તૈયારી કરી લે છે તે સુખપૂર્વક જીવે છે. એક નાના રાજ્યમાં એવો નિયમ હતો કે લોકો પ્રજામાંથી એક ને પસંદ કરી એને રાજગાદી પર બેસાડે. તેને દસ વરસ રાજય ચલાવવા દે. પણ પછી ફરજિયાત એને ઉજ્જડ ગીચ ઝાડી હોય તેવા ટાપુ પર ફેંકી દે. ત્યાં અનાજ - પાણી મળે નહીં. અને જંગલી પ્રાણીઓ તેને ફાડી ખાય. કેટલાય રાજાઓ દસ વર્ષની સુખ સાહ્યબી ભોગવી પોતાની પ્રાણ કુતરાના મોતે ગુમાવે. મોટા ભાગના રાજાઓ અન્ય લોકોને ગુલામ ગણી હેરાન કરે, ફાવે તેને ફટકારે. એશો આરામમાં દસ વરસ પૂરા થાય તે ખબર પણ ન પડે. અને પછી પેલા ટાપુ પર એનો અંત આવે પછી તો એવો સમય આવ્યો કે કોઈ રાજા બનવા તૈયાર થાય જ નહીં. એકવા એક બુદ્ધિશાળી યુવાન ભવિષ્યનો અંદાજ કરીને રાજગાદી પર બેઠો. દસ વરસ પછી જે જંગલમાં તેને ફેંકી દેવાના હતા તે ટાપુ પર તપાસ કરી ત્યાં ઝાડી ઝાંખરા દૂર કરાવ્યા. ખેતી લાયક જગ્યા બનાવડાવી. એક નાનું તળાવ બનાવ્યું, એક કૂવો પણ ખોદાવ્યો. ખેડૂતો, કુશળ કારીગરો, વૈદ્ય, વેપારીઓને ત્યાં વસવાટ કરવા બોલાવ્યા. જંગલમાંથી મંગલનું નિર્માણ કરતાં તેને દસ વર્ષ પૂરા થયા. તેને એ ટાપુ પર મોકલવામાં આવ્યો તો તે ત્યાં પણ સુખરૂપ રાજા થઈને જ રહ્યો.

# ભાજપનું નાક બચાવ્યું નાકિયાની હારે

**તંત્રીસ્થાનેથી...**

જસદણ - વીંછિયા વિધાનસભાની ચૂંટણીનું પરિણામ ભાજપ માટે પ્રતિષ્ઠા બચાવનારું બની રહ્યું છે. કુંવરજી બાવળિયાની આબરૂ પણ બચી ગઈ છે. એમ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ શાહ સહિત ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભાજપ પ્રદેશ પ્રમખ જીતુ વાઘાનીની ઈજ્જત પણ સચવાઈ ગઈ છે.જસદણ બેઠક પર ભાજપ જીતે કે હારે એથી ગુજરાત સરકારને કશી આંચ આવવાની નહોતી, પરંતુ અંગત રીતે એ પંથકમાં પક્ષપલટો કરાવ્યા પછી અને રાજય સરકારમાં કેબિનેટ મંત્રીપદ આપ્યા પછી જો તેઓ પોતાની પરંપરાગત સીટ જાળવી ન શકે તો એથી સ્વાભાવિક રીતે જ શાસક પાર્ટી ભારે નામોશીભરી સ્થિતિમાં મુકાઈ ગઈ હોત તે નક્કી હતું. પાંચ રાજયોમાં ભાજપને થયેલો રકાસ પ્રજાની આંખો સામે હતો. એથીય વધુ કોંગ્રેસે કબજે કરેલ પ્રદેશોમાં ખેડૂતોનાં દેવા કલાકોમાં માફ કરી દેવાનો નિર્ણય પણ આ મતવિસ્તારના ખેડૂત મતદારો પર પ્રતિકૂળ અસર પાડી શકે એમ હતો. હકીકતમાં કોંગ્રેસ માટે ગુજરાતમાં વિજયકૂચના શ્રીગણેશની આ ઉત્તમ તક હતી. કુંવરજી બાવળિયાએ સત્તાની ભૂખમાં માતૃપક્ષ છોડી કેસરિયો ખેસ ધારણ કરી લીધો હતો અને ભાજપમાં પ્રવેશ્યા પછી ચાર જ કલાકમાં એમની રૂપાણી સરકારના કેબિનેટ મંત્રી તરીકે નિમણૂક થઈ ગઈ હતી. લોકશાહીની હાંસી ઊડાડવા જેવી આ ઘટનાને કારણે સ્વભાવિક રીતે જ કુંવરજી બાવળિયાના પરંપરાગત કોંગ્રેસ મતદાર જૂથમાં એક પ્રકારનો આક્રોશ હતો. વળી ભાજપના સિનિયર આગેવાનોને હાંસિયે ધકેલી દઈ કોંગ્રેસમાંથી આયાત કરેલા કુંવરજી બાવળિયાને સીધું જ મંત્રીપદ એનાયત કરી દેવાયું એ બાબત ખુદ ભાજપનાં સ્થાનિક વર્તુળો માટે પચાવવી અઘરી હતી. પરંતુ વિજય રૂપાણી, નિતીન પટેલ અને જીતુ વાઘાણીની ત્રિપુટીએ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી દોરવણી હેઠળ આ બેઠક ને પ્રતિષ્ઠાની સીટ બનાવી રાત પરોઢિયાં કર્યા, છેક માઈક્રોલેવલનું બૂથ મેનેજમેન્ટ કર્યું, ગામ દીઠ વરિષ્ઠ નેતાઓની અને ચુનંદા કાર્યકરો ઉપરાંત આરએસએસ - વિશ્વ હિંદુ પરિષદના પ્રતિષ્ઠિત અગ્રણીઓની ફોજ ઉતારી દેખાઈ હતી. સામે પક્ષે કોંગ્રેસ છેક છેલ્લી મિનિટ સુધી ઉમેદવાર પસંદ કરવાના મુદ્દે અવઢવમાં હતી. ભોળાભાઈ ગોહિલનું નામ નક્કી લાગતું હતું ત્યાં અવચળ નાકિયાના નામ પર મહોર વાગી. આખરે જે થવાનું હતું તે જ થયું. કોંગ્રેસ એની પ્રમાદભરી માનિસકતામાં એક સોનેરી તક ગુમાવી. કહી શકાય કે કોંગ્રેસના નવા નિશાળીયા જેવા અજાણ્યા ઉમેદવાર અવચળ નાકિયાએ જ ભાજપનું અને પોતાના એક સમયના રાજકીય ગુરુ કુંવરજી બાવળિયાનું નાક રાખ્યું!

# કોન્ટ્રાક્ટ લેબર, રોજગારનું વિનિયમન અને નોકરીની શરતો



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

કરાર શ્રમીકો સામાન્ય રીતે બીજી સંસ્થાઓ અને ઉદ્યોગોના ઉપયોગ માટે કોન્ટ્રાક્ટરે રોકેલા કામદારો એવો અર્થ કરે છે. કરાર શ્રમીક નિષેધ અને વિનિયમન અધિનિયમ ૧૯૭૦ માં કરાર શ્રમનું વિનિયમન કરવાના અને કેટલાક કિસ્સામાં તો કરાર શ્રમીક નાબુદ કરવાની જોગવાઈ છે.

કરાર શ્રમીક અધિનિયમ જ્યાં ૨૦ અથવા તેથી વધારે કામદાર કરાર શ્રમીક તરીકે નિમ્યા હોય તે દરેક સંસ્થા અને કોન્ટ્રાક્ટરને લાગુ પડે છે જો કે તે કામ તુટક તુટક અથવા પ્રાસંગીક પ્રકારનું હોય તેવી કોઈ સંસ્થાને લાગુ પડતો નથી.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ યોગ્ય સરકાર તરીકે તેમની હેસીયતમાં કરાર શ્રમીક અધિનિયમના વહીવટમાંથી ઉભી થતી બાબતો ઉપર સબંધીત સરકારોને સલાહ આપવા કેન્દ્ર અને રાજ્ય સરકારે કરાર શ્રમ બોર્ડ રચવાનું જરૂર છે. કેન્દ્રીય સલાહકાર શ્રમીક વૈધાનિક બોર્ડ છે તેની રચના ત્રિપક્ષી અને અર્ધ ન્યાયીક પ્રકારની છે. બોર્ડ કરાર શ્રમના અમુક સ્વરૂપની તપાસ કરે છે તે ઉત્પાદક પ્રક્રિયા સાથે જોડાયેલા બારમાસી કામ માટે જરૂરી ક્ષેત્રોમાં રોકાયા હોવાનું માલુમ પડે તો કરાર શ્રમ અધિનિયમની કલમ નીચે તેને નાબુદ કરવાની ભલામણ કરે છે.

યોગ્ય સરકાર શ્રમીક નાબુદ કરતું કરાર શ્રમીક અધિનિયમની કલમ ૧૦ નીચે જાહેરનામું બહાર પાડે એટલે કરાર સાચો હોય તો કોન્ટ્રાક્ટર સાથેના કર્મચારીઓ આપમેળે કંપનીની નોકરીમાં સમાવી શકાશે નહિ તેમ છતાં કરાર સાચો ન હોય પરંતુ છેતરવાની યુક્તિ હોય તો કહેવાતા કરાર શ્રમીકો મુખ્ય નિયોક્તાના કર્મચારીઓ તરીકે ગણાશે.

જેમને કરાર શ્રમીક અધિનિયમ લાગુ પડે છે તે દરેક સંસ્થા અને કોન્ટ્રાક્ટરોએ કરાવાતુ કામ કરવા માટે પોતાની નોંધણી કરાવવી જોઈએ અથવા તેના માટે લાયસન્સ મેળવવું જોઈએ.

કરારના કામદારોના હિતનું વેતન, કામકાજનો સમય, કલ્યાણ, આરોગ્ય અને સમાજ સુરક્ષાની બાબતોમાં રક્ષણ થાય છે. કરાર શ્રમીકોને અપાતી સુવિધાઓમાં કેન્ટીન, વીરામ ખંડ, પ્રાથમીક સારવારની સગવડો અને કામના સ્થળે પીવાના પાણીની ઉપલબ્ધતા જેવી બીજી મુળભૂત સગવડોનો સમાવેશ કરવામાં આવે છે. વેતનની ચુકવણી અને બીજી લાભો નિશ્ચિત કરવાની જવાબદારી પ્રાથમીક રીતે કોન્ટ્રાક્ટરની છે તેમાં કસુર થતા તે જવાબદારી મુખ્ય નિયુક્તાની બને છે.

ભારતની સુપ્રીમ કોર્ટે વિશાખા અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાનમાં ચુકાદો આપતા જણાવેલ કે કામના સ્થળે સ્ત્રી કર્મચારીની જાતિય સતામણી નિવારવા માટે કેટલીક માર્ગદર્શક સૂચનાઓ નિયત કરી છે. બધા કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો, રાજ્ય સરકાર, સંઘ પ્રદેશ અને કેન્દ્રીય જાહેર સેકટરના ઉપક્રમોને ચુકાદામાં નિયત કરેલી માર્ગદર્શીકા સૂચનાઓના અમલ કરવાનું કહેવામાં આવ્યું છે. આ માર્ગદર્શક સૂચનાઓ ખાનગી સેકટરને લાગુ પાડવા માટે રચાયેલા હુકમ અધિનિયમ સુધારવામાં આવ્યાં છે.

ભારત સરકારે ૧૯૫૧ ના આંતર રાષ્ટ્રીય શ્રમ સંગઠનના કરાર નં. ૧૦૦ ને ૧૯૫૧ માં સમર્થન કરેલ છે. આ કરાર સ્ત્રી અને પુરૂષો માટે સમાન મહેનતાણાનો છે. રાષ્ટ્રપતિએ સમાન મહેનતાણાના વટહુકમની ઘોષણા કરી પાછળથી તેના બદલે સમાન મહેનતાણાના અધિનિયમ ૧૯૭૬ અમલમાં મુકવામાં આવ્યો છે. કરારમાં ભરતી, બઢતી, તાલીમ અથવા બદલી અંગેની જોગવાઈઓ આવરી લેવામાં આવી છે. સ્ત્રીઓની નોકરી કાયદાની નિયંત્રીત હોય તે સીવાય ભેદભાવનો વિરોધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત બીડી અને સીગાર કામદાર અધિનિયમ ૧૯૬૬, વાવેતર શ્રમ અધિનિયમ ૧૯૫૧ અને કરાર શ્રમીક અધિનિયમ જેવા બીજા અનેક કાયદામાં સ્ત્રી કર્મચારીઓ અને કામદારોના કલ્યાણ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. જેમ કે ઘોડીયાઘરની સગવડ અને સ્ત્રી કર્મચારી કામદાર માટે કામકાજના સમયનું વિનિયમન કરવું અનિવાર્ય છે.

બાળ શ્રમીક અધિનિયમ ૧૯૮૬ માં બધી સંસ્થાઓ અને કાર્યશાળાઓ, વર્કશોપને લાગુ પડે છે તે અધિસૂચિત જોખમી વ્યવસાયો અને પ્રક્રિયામાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને રોજગારમાં જોડવાનો નિષેધ કરે છે. તે બીન જોખમી વ્યવસાયો અને પ્રક્રિયામાં બાળકોના રોજગારનું પણ વિનિયમન કરે છે.

# ગદ્ય : શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી; પદ્ય : શ્રેષ્ઠ શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

ગદ્ય : શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી;
પદ્ય : શ્રેષ્ઠ શબ્દોની શ્રેષ્ઠ ગોઠવણી.

- સેમ્યુઅલ કોલરીજ

હું કોને માટે લખું છું એનો જવાબ સીધેસીધો આપવો મુશ્કેલ છે; પણ મેં કેમ ને કયારે લખ્યું તેમાં કદાચ એનો જવાબ આવી જશે. પહેલું લખાણ મેં ચોથી કે પાંચમી ચોપડી ભણતો હોઈશ ત્યારે લખ્યું હતું. ગામડા ગામમાં રામલીલા આવેલી. સાત રાત સુધી તે ભજવાય. ગામ આખું જોવા હલકે. આના કેંફમાં એક નાટક લખી કાઢેલું. પરશુરામે પિતાની આજ્ઞા મુજબ માતાનો વધ કરેલો ને પછી પ્રસન્ન થયેલ પિતા પાસે માતાને સજીવન કરવા વરદાન માગેલું, તે પૌરાણિક કથા પર ખાસ્સું નાટક લખેલું. અરે, ગીતો પણ અંદર મૂકેલાં! કેવાં હશે એ ગીતોને કેવું હશે એ લખાણ તે તો કલ્પી શકાય તેવું છે. તે નાટક થોડા વખત પછી વાંચી મેં જ શરમમાં તેને ફોડી નાખેલું. અમારી ગાયની કોઢમાં ઉનાળાની વરસતી લૂમાં, જાડી રિલીફ ટાંકે હું કલાકો સુધી લખ્યા કરતો. ઈન્ડિપેન તો તે દિવસે જોઈ નહોતી.

પણ તલ્લીનતામાં કોઈ ઊણપ નહોતી. લખાવતો હતો પેલો રામલીલાનો કેફ

૧૯૩૦ના એ રણભેરીના દિવસો. દેશની થનગનતી જુવાની રણે ચઢી હતી. હું પણ તેમાં હતો. લડતના દિવસોમાં મીઠું ચોરવામાં, પત્રિકાઓ વહેંચવામાં વચ્ચે વખત મળતો. પાઠકસાહેબનું 'દ્વિરેફની વાતો' વાંચ્યું. 'ખેમી' તોં ખેંચ્યા સિવાય કેમ રહે ? આપણા રામે પણ ત્રણચાર વાર્તાઓ લખેલી; તેમાં એક કોઈ દાતણવાળી પણ હતી. એક છાવણીમાં આવતી એક નાની રૂપાળી છોકરી મોટા ખખડધજ વરને પરણી, તેનાં કલ્પેલા દુઃખો પર હતી. પણ કોણ લખાવતું હતું મને ? 'દ્વિરેફ' જ. ને કોને માટે લખતો હતો ? લડત પત્યા પછી 'દ્વિરેફ'ને તો મોકલવા. સદ્‌ભાગ્યે પોલીસ ઉપરી શેખસાહેબો છાવણી પર એક દહાડો ધાડ પાડી. મારા કપડાં સાથે આ વાર્તાઓને પણ તેઓ જપ્ત કરી ગયા.

વિસાપુર જેલમાં દીવાલો નહીં, તંબૂઓનું જ નગર. સખ્તાઈનું નામનિશાન નહીં. જોઈએ તેટલાં પુસ્તકો, પ્રેમાળ મિત્રો ને સરોવર જેવું તળાવ. રમણલાલની એકાદ નવલકથા તે અરસામાં વાચી હતી. કઈ તે યાદ નથી, પણ લખવા માંડ્યું. આચાર્યા ભગવતનાં ગાંધીવાદ પરનાં, સબોદા, પાટીલનાં સમાજવાદ પરનાં વ્યાખ્યાનો, બાજુના શીખ સરદારના 'ગુરુ કા બાગ' સત્યાગ્રહના અનુભવો - આ બધું લખાણને રંગ આપતું હતું. વિસાપુર એ જેલ નહોતી, વિદ્યાલય હતું. ત્યાં જોઈએ તેટલી મુક્તિ, જોઈએ તેટલી શાંતિ ને જોઈએ તેટલું તપ અનાયાસે હતાં. તેમાંથી લખાયું 'બંદીઘર'. કોને માટે તે ખબર નથી. છપાશે તેવી ધારણા તો હતી નહીં; પણ મનમાં પેલા વિરલ અનુભવનો સળવળાટ હતો. સાથોસાથ તે અનુભવને વ્યાપકતા સાથે અનુસંધાન કરાવનારાં વ્યાખ્યાનો હતાં. નમ્ર બનવા પ્રેરતી 'ગુરુ કા બાગ'ની વાતો હતી. 'બંદીઘર' મારી પહેલી કૃતિ, પહેલી નવલકથા. છપાવામાં પાછળ, પણ લખવામાં આગળ. જે ઊંડાણથી અનુભવ્યું તેને ઉત્સાહને નમ્રતાથી વહેંચી દેવાની ઉત્કંઠાથી તે લખાયું.

પહેલાં છપાયા 'જલિયાવાલાં'ને ૧૮૫૭. બંને નાટકો કહેવાયા. ૩૦-૩૨ના સંગ્રામમાં હાર્યા હતા તેની અંદરની નિરાશાને ટાળવા માટે આ લખાયેલાં.

પણ જાણીતું થયું 'બંધન અને મુક્તિ.' સાચું કહું તો સાહિત્યના દરબારમાં એણે મને સન્માન અપાવ્યું. આગલાં પુસ્તકોમાં ભાવના હતી, સચ્ચાઈ પણ હતી, ભાષાની છટા પણ હશે, પણ મારી પરિતૃપ્તિ નહોતી. સારું કામ થયું એમ થતું, પણ સુંદર થયું તેમ નહોતું. 'બંધન અને મુક્તિ' લખાયા પછી મનને થયું, 'સુંદર થયું'. પણ તે લખવાનું નિમિત્ત વિચિત્ર જ છે. આગલે વર્ષે ભાઈ જેઠાલાલ જોષીએ હ્યુગોનું પુસ્તક '૯૩' આપેલું. 'લે મિઝરાબ્લ' તો જેલમાં મેં તન્મયતાથી વાંચેલું. પણ આ નવલકથાનું સૌંદર્ય અનેરું છે. મેઘાણીભાઈ વાંચીને મને ઉતારવા આગ્રહ કરે. આળસ અને અસ્થિરતા મને વળગેલાં. એમાં બહેનનાં લગ્ન આવ્યાં. ખર્ચના પૈસા માટે આપવા હતા. આ નિમિત્તને માર્યો લખવા બેસી ગયો. ફ્રાન્સની ક્રાંતિને સ્થાને ૧૮૫૭ના બળવાને તેમાં ખેંચી આણ્યો. આઠમે દિવસે પૂરી કરી ઊઠી ગયો. કોને માટે આ લખ્યું હતું ? શેના ધક્કા માર્યા ? લેખકને ધની જરૂર પડે છે, યશ પણ જોઈએ છે. તે તેને ધક્કો મારતા હશે, પણ સહુથી વધારે જોઈએ છે વિરલ અનુભવ. 'બંધન અને મુક્તિ' અને '૯૩'માં અપાર અનંર છે. 'બંધન અને મુક્તિ' લખી ત્યારે એ ચોપડી મારી પાસે હતી પણ નહીં. વાંચ્યે એક વર્ષ થઈ ગયું હતું. પણ મેં લખ્યું છે હ્યુગોની તે ચોપડીને તર્પણ રૂપે. બહેનનાં લગ્નના પૈસા મળ્યા તે તો પરોઢે વનમાં ફરવા જઈને ને માથે ઝાકળનાં ટીપા પડે તેવો સુખદ અકસ્માત !

'દીપનિર્વાણ' પણ ૧૯૪૨માં જેલમાં લખાયેલું. વિસાપુરની જેવી જ શાંત મુક્ત તપોભૂમિ. ભારતનો સંગ્રામ હાર ને જીત વચ્ચે ઝોલાં ખાતો હતો. બીજું વિશ્વયુદ્ધ પણ આમ જ ઝોલાં ખાતું હતું. તું : ન હિ કલ્યાણકૃત કશ્ચિત દુર્ગતિ તાત ગચ્છતિ । વાક્ય સાચું પડશે ? બીજી બાજુ ઈંગ્લેન્ડની મૂડીવાદી લોકશાહી પણ જે અડગ રીતે એકલી યુદ્ધ આપતી હતી તે પણ મનમાંથી આફરીન પોકારાવતી. ગ્રીનનો ઈતિહાસ વાંચતો હતો. નાનકડા ગ્રીસે ઈરાની શહેનશાહતનો જે વિરલ સામનો મેરેથોન, સેલેમીસ, થર્મોપોલીમાં કર્યો તે નજર સામે જાણે થઈ રહ્યો હતો. મનમાં સળવાટ થતો હતો. કોઈકે તો આને પ્રેમાનંદની માતા ગુર્જરીમાં ઉતારવા કોશિશ કરવી જોઈએ. તેમાં જયસ્વાલનું 'હિંદુ પૉલિટી' હાથ આવ્યું. તેમાં ગણરાજયોએ એલેકઝાન્ડરના કરેલા સામનાનું વર્ણન વાંચ્યું. મેક્રેન્ડલના એ વિગતો આપતા ગ્રંથો મંગવ્યા, ફરી ફરી વાંચ્યા, હર્ષનો રોમાંચ અનુભવ્યો. જે ઈંગ્લેન્ડ કરતું હતું, જે એથેન્સે કર્યું હતું તે પણ કર્યું હતું. રગો કલમ લેવા માટે ઝણઝણવા લાગી. અકસ્માત રોકહિલનું 'બુદ્ધ' વાંચ્યું. તેણે મને છેવટે ધક્કો માર્યો. ને કશીયે અડચણ વિના જેમ સિમેન્ટના રસ્તા પર ગાડી ચાલે તેમ, લખાણ ચાલ્યું. કશી ચિંતા નહીં, કશો આવેગ પણ નહીં. કોને માટે આ લખ્યું હતું ? પેલા સળવળાટને શમાવવા કે હારતા રાષ્ટ્રને પુનર્જીવિત કરનારી સંજીવનીને શોધવા ? કોણ કહી શકે ?

છેલ્લી નવલકથા 'ઝેર તો પીધાં છે' કોને માટે શરૂ કરી ? જાણીતા માસિક 'કરંટ હિસ્ટરી' માં એક ચરિત્રમાળા આવતી. તેમાં પહેલા મહાયુદ્ધ પછીના જર્મનીના પરદેસ પ્રધાન રેથન્યુનું ચરિત્ર યહૂદી હતો ને આખા યુરોપનું સંઘરાજય જોનારો સ્વપ્નઘેલો હતો. ઉગ્ર રાષ્ટ્રવાદીઓએ તેનું ખૂન કર્યું. તેના ખૂનીઓને જયારે સજા કરવાની વેળા આવી ત્યારે રેથન્યુની માએ કોર્ટને પોતાના દીકરાના ખૂનીઓને માફી આપવા વિનંતી કરેલી. પરિણામે તેની સજા ઓછી થઈ, હિટલર આવ્યા પછી આ ખૂનીઓ છૂટ્યા, રેથન્યુને મારવાને કારણે મોટા દેશભક્ત ગણાયા, તેમનાં પૂતળાં મુકાયા. પણ એમાંનો એક આ સન્માનમાંથી છૂટીને ચાલ્યો ગયો. હિટલરની યૂહદી સામેની જેહાદ શરૂ થઈ. હીજું મહાયુદ્ધ થયું, ફ્રાન્સ પડ્યું, શરણે થયું. સાથોસાથ ફ્રેંચ દેશભક્તોએ ભૂગર્ભ હિલચાલ પણ ચાલું રાખી. તે વખતે એક યહૂદીએ આ ભૂગર્ગદળના સૈનિકે બચાવેલ. યહૂદીએ ઓળખાણ આપતા કહ્યું, 'પોતે રેથન્યુનો ભત્રીજો હતો. ત્યારે પેલા સૈનિકો કહ્યું, 'મારું કામ આજે પૂરું થયું.' ને પોતાની ઓળખ આપી રેથન્યુના ખૂની તરીકેની. રેથન્યુની માતાએ ક્ષમા આપવાની જે વિનંતી અદાલતને કરેલી તેથી તેનો પલટો થયેલો ને હિટલરનું જર્મની છોડી તે ફ્રાંસમાં ચાલ્યો ગયેલો. આટલાં વર્ષો હિટલરનાં પંજામાંથી યહૂદીઓને બચાવવામાં જ કાઢેલાં. તેણે કહ્યું, 'આજે મારું પ્રાયશ્ચિત પૂરું થયું.'

'ઝેર તો પીધાં છે' લખવાનો ધક્કો આપનાર આ પહેલો દસ્તાવેજ. ગાંધીનો સત્ય ને અહિંસાની સચોટતાનો આ વિશ્વવ્યાપી સાહેદ. પણ ભારતમાં તે કંઈ ભૂમિકાએ રજૂ કરવું ?

વીસ વર્ષ પહેલાં દક્ષિણમૂર્તિના વિદ્યાર્થીઓને લઈ ભાણવડ ગયેલો. ત્યાંના અપંગાશ્રમને સંભાળનાર ભગત ધનારામ બાપાને જોયેલાં. ભાણવડ બહારનું જગત તેમને જાણતું નથી. હું એક વાર જ મળેલો. આફ્રિકાની કમાણી આ અપંગોને સાચવવામાં જ ખરચતો હતા. ઘરની સ્ત્રીઓ આ અપંગો માટે દળ, ભરડે, રાંધે ને પોતે પીરસે. પણ પીરસે તે કેવું ! જાણે સ્નેહરસ પીરસી રહ્યા છે! દિવસમાં એક કલાક 'ભાગવત' વાંચે, બાકી બધો સમય ના લૂંલા - લૂંગડાંની સેવામાં. તેમની શાંત, તેજોમય, પ્રેમમૂર્તિ રેથન્યુની સાથે જ ખડી થઈ. વિશ્વ જાણે એ બેનો મેળાપ કરાવવા માગે છે.

એ જ અરસામાં એક બહેન મળ્યાં. વિધવા, પણ જાણે ભાણવડના પેલા બાપાની જ પુત્રી સમાં સ્નિગ્ધ, શીતળ. ત્રણ વર્ષની માંદગી જોઈ, પણ મોં પરથી ન સ્મિત સુકાયેલું જોયું, ન તો આંખનું અમી ઘટેલું જોયેલું; રોગનો જાણે સ્પર્શ નહોતો. પોતાની કલેશકંકાસવાળી દુનિયાને અમીમય કરેલી. પછી પોતાની સ્ત્રીની તબિયત સાચવવા બ્રહ્મચર્ય પાળનાર એક અસંયમી છતાં સનિષ્ઠ યુવકનો મેળાપ થયો. પ્રેમમૂર્તિને અખંડિત રાખવા માટે તેણે બલિદાન આપ્યું હતું ને તે પ્રસન્ન હતો.

ચારેનો મેળ કેમ એ જ વખત ઢળી ગયો, તાંતણા મનમાં કેમ સંધાઈ ગયા, ખબર નથી. પણ તેને વ્યક્ત કરવા 'ઝેર તો પીધાં છે' લખાયું. વિવેચક ને વાંચનારે કરેલી કદર સહાયભૂત થાય છે. સામગ્રી વિરલ અનુભવો જ આપે છે, પણ લખાય છે તેને સર્વવ્યાપી કરવાથી આદશ્ય મનીષાની પરિતૃપ્તિ માટે. ધન્યનામ ગુંસાઈજીએ પણ લેખકને આ જ આદેશ આપ્યો છે, સ્વાન્તઃ સુખાય તુલસી રઘુનાથગાથા ।

સર્જન કોઈને માટે થતું નથી; કોઈને ઉપયોગી અવશ્ય થાય છે, પણ સર્જનનાં ફૂલો તો ચડે અંતરદેવાને.

- મનુભાઈ પંચોળી 'દર્શક'

- nahelgadhavi101@gmail.com

# ભારતીય રાજકારણમાં ધિક્કારને બદલે ગરિમાના નવયુગનાં મંડાણ



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

રાષ્ટ્રીય સ્તરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉદય પછીનાં વર્ષોમાં સંભવતઃ પહેલીવાર ભારતના હૃદયસમા ભોપાલ, જયપુર અને રાયપુરમાં નવા કોંગ્રેસી મુખ્યમંત્રીઓના શપથવિધિમાં રાજકીય ભાંડણલીલાને બદલે પારસ્પારિક આદર અને ગરિમાનાં દર્શન થયાં. ગુજરાતમાં ગયા ડિસેમ્બરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના વર્તમાન અધ્યક્ષ રાહુલ ગાંધીએ નોખું વ્યક્તિત્વ ઉપસાવ્યું હતું. હવે તેમને અધ્યક્ષપદ ગ્રહણ કર્યાનું એક વર્ષ પૂર્ણ થયું એ જ દિવસે એટલે કે ૧૧ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ ત્રણ રાજયોમાં કોંગ્રેસની સરકાર રચવા જેવાં પરિણામોની તેમને સોગાદ મળી હતી.આ રાજ્યોમાં રાહુલના નેતૃત્વમાં પક્ષના નેતાઓએ મજબૂત ટીમ તરીકે કામ કરીને પરાજયની પરંપરાના વલણને વિજયમાં ફેરવ્યું છે. ''કોંગ્રેસમુક્ત ભારત''ના ભાજપી મોવડીમંડળના આલાપને લોકસભાની ૨૦૧૯ની ચૂંટણીની સેમી-ફાયનલ લેખાતી પાંચ રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીનાં પરિણામોએ જોરદાર ફટકો આપ્યો છે. એટલું જ નહીં, કોંગ્રેસ હિંદીક્ષેત્રમાં ત્રણ ભાજપશાસિત રાજ્યોમાં ભાજપને સત્તાથી દૂર રાખીને વિપક્ષી એકતા સાથે મોદીના નેતૃત્વ સામે પડકાર બનીને ઉપસી છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી એમ.ફિલ.ની પદવી મેળવનાર રાહુલે ''કોંગ્રેસમુક્ત ભારત'' સામે ''ભાજપમુક્ત ભારત''ના સૂત્રને નકારી કાઢીને પણ પરિપક્વતા દર્શાવી છે. ભારતનાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૩૧માં વિધાનસભાઓ છે. આમાંથી માંડ ૧૦ વિધાનસભાઓમાં ભાજપ એકલેહાથે બહુમતી સાથે સરકાર ધરાવે છે.દેશમાં તેના ૧૨ મુખ્યમંત્રી છે.કોંગ્રેસના પાંચ મુખ્યમંત્રી રહ્યા છે.બાકીના અન્ય પક્ષોના છે.

ભાજપની નેતાગીરીનું માથું ભાંગે એવા અનુભવી કેન્દ્રીય મંત્રી રહેલા અને વડાંપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીના ત્રીજા પુત્ર લેખાવા જેટલી નિકટતા ધરાવતા કમલ નાથ (૭૨) લોકસભાની નવ મુદત પછી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લેતાંની સાથે જ ચૂંટણી વચનોના અમલમાં કામે વળ્યા છે. રાજસ્થાનમાં અનુભવી અશોક ગેહલોત (૬૭) ત્રીજી મુદત માટે મુખ્યમંત્રી બન્યા અને સાથે યુવા નેતા અને કેન્દ્રમાં મંત્રી રહેલા સચિન પાઈલટ (૪૧) નાયબ મુખ્યમંત્રી બન્યા.સચિન અગાઉ કેન્દ્રમાં મંત્રી રહેલા સ્વ. રાજેશ પાઈલટના પુત્ર અને જમ્મૂ-કાશ્મીરના મુખ્યમંત્રી રહેલા ડૉ.ફારુક અબદુલ્લાના જમાઈ છે. અવિભાજિત મધ્યપ્રદેશ અને છત્તીસગઢની અગાઉની સરકારોમાં મંત્રી રહેલા અને વર્ષ ૨૦૧૩ના માઓવાદી હુમલામાં રાજ્ય કોંગ્રેસના ટોચના ૨૯ નેતા માર્યા ગયા પછી પણ રાજ્યમાં કોંગ્રેસને મજબૂત કરનાર ભૂપેશ સિંહ બઘેલ (૫૭) છત્તીસગઢમાં મુખ્યમંત્રી થયા અને તેમના સાથીઓ ટી.એસ.સિંહદેવ અને તામ્રધ્વજ સાહૂએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે.

- **પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના પરાજય છતાં રાહુલે "ભાજપમુક્ત ભારત"ના સૂત્રને નકાર્યું**
- **નવા જ વરાયેલા કોંગ્રેસી મુખ્યમંત્રીઓના શપથવિધિ મંચ પર પરાજિત ભાજપી મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિ**
- **નેતાગણ માટે બ્રેકફાસ્ટ જયપુરમાં, બપોરનું લંચ ભોપાલમાં અને સાંજનું ડીનર રાયપુરમાં લેવાના સંજોગો**
- **મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢના નવા મુખ્યમંત્રીઓએ ખેડૂતોનાં દેવાં માફ કરતાં હવે ભાજપ ભીસમાં**

બઘેલ સિવાયના નવા મુખ્યમંત્રી કે નાયબ મુખ્યમંત્રી લોકસભાના સભ્ય હોવાને કારણે તેમણે વિધાનસભામાં ચૂંટાવાનું રહેશે.

**હજારોની ઉપસ્થિતિ મેદાનમાં સમારંભ**

કોંગ્રેસના મુખ્યમંત્રીઓનો શપથવિધિ ખુલ્લા મેદાનમાં હજારો લોકોની ઉપસ્થિતિમાં યોજાય એવો અવસર ઘણાં વર્ષ પછી આવ્યો.જયપુરના ૧૩૧ વર્ષ જૂના આલ્બર્ટ હોલ ખાતેના મેદાનમાં સવારે સાડા દસના સુમારે હજારો સમર્થકોની ઉપસ્થિતિમાં રાજ્યપાલ કલ્યાણ સિંહે મુખ્યમંત્રી ગેહલોત અને તેમના મંત્રી તરીકે પાઈલટને, જે નાયબ મુખ્ય મંત્રી વરાયા, હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. અગાઉ ૨૦૦૮માં કોંગ્રેસના મુખ્યમંત્રી તરીકે ગેહલોતનો શપથવિધિ રાજભવનમાં જ યોજાયો હતો. ભોપાલમાં પણ જંબોરી મેદાનમાં રાજ્યપાલ આનંદીબહેન પટેલે બપોરે ૨.૩૦ વાગ્યે મુખ્યમંત્રી તરીકે કમલ નાથને શપથ લેવડાવ્યા હતા. સાંજે સાડા પાંચના સુમારે રાજ્યપાલ આનંદીબહેન પટેલે રાયપુરના બલવીર સિંહ સ્ટેડિયમ ખાતે મુખ્યમંત્રી બઘેલ અને બંને મંત્રીને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી અને વિપક્ષી નેતાઓ તેમજ હજારો સમર્થકો આ ઐતિહાસિક ક્ષણોના સાક્ષી થવા માટે ઉમટ્યા હતા. સંયોગ તો જુઓ કે એક જ દિવસે ત્રણ-ત્રણ કોંગ્રેસી મુખ્યમંત્રીઓના શપથવિધિમાં હાજર નેતાગણ માટે સવારનો બ્રેકફાસ્ટ જયપુરમાં, બપોરનું લંચ ભોપાલમાં અને સાંજનું ડીનર રાયપુરમાં લેવાના સંજોગો હતા.

**પરાજિત ભાજપી મુખ્યમંત્રીઓ મંચ પર**

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતીય રાજકારણમાં સત્તાધીશો અને વિપક્ષો વચ્ચે ઘૃણા અને આક્ષેપબાજીની જ ઝાકમઝોળ હતી ત્યાં તાજેતરમાં ત્રણ રાજ્યોમાં કોંગ્રેસના મુખ્યમંત્રીઓના શપથવિધિમાં તેમણે જેમને તાજી ચૂંટણીમાં જ હરાવ્યા છે એવા ભાજપના મુખ્યમંત્રીઓ ગરિમાપૂર્વક હાજર રહ્યા એટલું જ નહીં,નવી પરંપરા તરીકે તેમને મંચ પર બિરાજમાન કરવામાં આવ્યા.ત્રણેય પૂર્વ મુખ્યમંત્રીઓ ભાજપની વર્તમાન નેતાગીરી નારાજ થાય એટલી હદે નવા મુખ્યમંત્રીઓને ભેટતા અને અભિનંદન આપતા નજરે પડ્યા.ત્રણેય ભાજપી પૂર્વ મુખ્યમંત્રી વર્તમાન વડાપ્રધાન કરતાં પક્ષમાં વરિષ્ઠ છે અને એમાંના બે એટલે કે રાજસ્થાનનાં મુખ્યમંત્રી રહેલાં અને ગ્વાલિયર રાજવી પરિવારનાં વસુંધરા રાજે અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી રહેલા અને ક્યારેક વડાપ્રધાનપદના સ્પર્ધક ગણાતા સંઘનિષ્ઠ ઓબીસી નેતા શિવરાજસિંહ ચૌહાણને તો પક્ષનું મોવડીમંડળ નેતાપદેથી રુખસદ આપવાની તરફેણમાં હતું. અનિચ્છાએ તેમના નેતૃત્વમાં ચૂંટણી લડવાનો નિર્ણય કરવો પડ્યો હતો. ડૉ.રમણ સિંહ રાજપૂત હોવા છતાં મોવડીમંડળ સાથે ટકરાવાનું પસંદ નહોતા કરતા. જોકે તેમની પ્રકૃતિ અકળ લાગતી રહી છે.

ભોપાલમાં મંચ પરથી મુખ્યમંત્રી કમલ નાથ, પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને કોંગ્રેસી સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ એકમેકના હાથ પકડીને જનતાનું અભિવાદન ઝીલ્યું હતું. વડોદરાના ગાયકવાડ રાજવી પરિવારના જમાઈ અને વસુંધરાના ભત્રીજા જ્યોતિરાદિત્યને ફોઈ પક્ષભેદ ભૂલીને રીતસર ભેટી પડ્યાં હતાં. વિપક્ષ પ્રત્યે ઘૃણાભાવના પ્રવર્તમાન રાજકારણમાં આ ત્રિપુટીનું કોંગ્રેસના નેતાઓ સાથે આટલું હળવુંભળવું એ ''ભાજપ બદલ રહા હૈ''નો સંદેશ જરૂર આપે છે. નવાઈ તો એ વાતની હતી કે ભાજપના વયોવૃદ્ધ નેતા અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી રહેલા બાબુલાલ ગૌડે પોતાના જ પક્ષના નેતા શિવરાજ સિંહ સાથે હાથ પણ મિલાવવાનું ટાળીને કોંગ્રેસના સાંસદ અને પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહનો હાથ પકડીને બેઠકસ્થળે જવાનું પસંદ કર્યું હતું. ભાજપના નેતા અને મુખ્યમંત્રી રહેલા કૈલાસ જોશીએ પણ રાષ્ટ્રવાદી પક્ષના સુપ્રીમો શરદ પવાર સાથે રહેવાનું પસંદ કર્યું હતું. આ બધા સંકેત કોંગ્રેસ કરતાં ભાજપ માટે વધુ અપશુકનિયાળ સાબિત થઈ શકે છે.

**વિપક્ષી એકતાની મજબૂતીનો સંકલ્પ**

છેલ્લે છેલ્લે બેંગલૂરુમાં ભૂતપૂર્વ વડાપ્રધાન એચ.ડી.દેવે ગૌડાના પુત્ર

અનુસંધાન પાના નં ૭ પર